RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

✻Editor : Pradip A. Raval (Mo) 98246 53073 ✻ Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

✻Volume : 11 ✻ Issue No. 346 ✻Date: 06.10.2025,Monday ✻Page :04 ✻Rs. 1.00/- ✻Annual Rs. 351/-




# યુદ્ધ ખતમ થયાનો ટ્રમ્પનો વધુ એક દાવો પોકળ!

# ઈઝરાયલનો ગાઝામાં ભયંકર બોમ્બમારો



ડોનાલ્ડ ટ્રમ્પના યુદ્ધવિરામના શાંતિ પ્રસ્તાવ વચ્ચે ઈઝરાયલ ગાઝામાં વિનાશ વેરી રહ્યું છે. શનિવારે ઈઝરાયલ દ્વારા થયેલા હુમલામાં પેલેસ્ટાઈનના ઓછામાં ઓછા ૭૦ લોકો માર્યા ગયા છે, જેમાં સાત બાળકો સમાવિષ્ટ છે. આ બાળકો બે મહિનાથી આઠ વર્ષ સુધીના હતા. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે હમાસે કેટલીક શરતો પર સંમતિ આપી હતી. તેથી ઈઝરાયલને તાત્કાલિક ધોરણે હુમલો બંધ કર્યા છે. પરંતુ ઈઝરાયલનો ગાઝા પર આ તાજો હુમલો ટ્રમ્પના દાવાને પોકળ સાબિત કરી રહ્યો છે.વિદેશી મીડિયા રિપોર્ટ અનુસાર, ઈઝરાયલના હુમલામાં સત્તાવાર ધોરણે ૪૫ લોકો માર્યા ગયા છે. થોડા સપ્તાહમાં જ ઈઝરાયલના આક્રમક વલણના કારણે ગાઝાની ૧૦ લાખથી વધુ વસ્તી પ્રભાવિત થઈ છે. ગાઝા શહેરમાંથી લોકો મોટાપાયે સ્થળાતંર કરી રહ્યા છે. તુફાહ નજીક રહેણાંક ઈમારત પર ઈઝરાયલના હુમલાના કારણે ૧૮ લોકો માર્યા ગયા હતાં.

ઈઝરાયલે દક્ષિણ ગાઝામાં અલ-માવાસી ખાતે એક શિબિર પર હુમલો કર્યો હતો. દક્ષિણ ગાઝામાં આ હુમલામાં ઓછામાં ઓછા બે બાળકો માર્યા ગયા હતા અને અન્ય આઠ ઘાયલ થયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધવિરામ માટે શાંતિ પ્રસ્તાવ રજૂ કરતાં જણાવ્યું હતું કે ઈઝરાયલે અસ્થાયી રૂપે હુમલા બંધ કરી દીધા છે. તેમજ હમાસે બંધકોને મુક્ત કરવામાં વિલંબ ન કરવા સલાહ આપી છે, નહીં તો ફરીથી બોમ્બમારો શરૂ થશે. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે ઈઝરાયલે ગાઝામાંથી તેના સૈનિકો પાછા ખેંચવાની જાહેરાત કરી છે. પરંતુ ઈઝરાયલે ગાઝા પર હુમલા બંધ કર્યા નથી.

ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે હમાસે શાંતિ પ્રસ્તાવ સ્વીકાર્યો છે. તેના સ્વીકાર સાથે જ તુરંત જ યુદ્ધવિરામ શરૂ થશે, ત્યારબાદ કેદીઓ અને બંધકોની આપ-લે થશે. હમાસનું કહેવું છે કે ઈઝરાયલે બંધકોના બદલામાં ૨,૦૦૦ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરવા પડશે. ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હમાસને તેના શસ્ત્રો સોંપવા કહ્યું છે.

બે વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં ૬૭,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. મંત્રાલયે મૃત્યુઆંકમાં ૭૦૦થી વધુ નામ ઉમેર્યા છે, અને આ આંકડાઓની ચકાસણી કરવામાં આવી રહી છે. આનાથી મૃત્યુઆંકમાં વધવાની ભીતિ છે. ઈઝરાયલી સૈન્યએ કહ્યું છે કે તે ગાઝામાં યુદ્ધ સમાપ્ત કરવા અને બાકીના તમામ બંધકોને પરત કરવાની યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની યોજનાના પ્રથમ તબક્કાની તૈયારી કરી રહ્યું છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે સૈન્ય હવે રક્ષણાત્મક સ્થિતિમાં છે અને આક્રમક હુમલો કરશે નહીં.

## ૨.૭૫ કરોડના વળતરની લાલચ આપી ૩૫.૩૦ લાખ પડાવી લીધા



સેબીના બનાવટી દસ્તાવેજો ઇન્વેસ્ટરને મોકલી વિશ્વાસમાં લઈ ઓનલાઇન ટ્રેડિંગમાં ૨.૭૫ કરોડનું વળતર અપાવવાના બહાને ૩૫.૩૦ લાખ પડાવી લેવામાં આવ્યા હતા. જે અંગે સાયબર ક્રાઇમ પોલીસે ગુનો દાખલ કરી મોબાઈલ નંબરના આધારે તપાસ હાથ ધરી છે.ભાયલી રોડ સ્પ્રિંગ એક્ષોટિકામાં રહેતા અને ઇલેક્ટ્રિક કન્સલ્ટન્સીનું કામ કરતા ૬૧ વર્ષના જોયબ્રતો મુખરજી શાંતીમયે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૨૨મી તારીખે એક વોટ્સએપ ગ્રુપમાં જોડાવાનો મેસેજ આવતા હું ક્લિક કરીને ગ્રુપમાં જોડાયો હતો. તે ગ્રુપમાં ૯૩ મેમ્બર્સ હતા. તા. ૧૨-૦૭-૨૦૨૫ના રોજ કસ્ટમર રિલેશનશિપ મેનેજર તરીકે સહાના આયંગરના નંબર પર્સનલ ચેટ કરીને જાણવા મળ્યું હતું કે, તેઓ એનજે ગ્રુપ સ્ટોક ટ્રેડિંગ કંપનીમાં કામ કરે છે. તેઓએ જણાવ્યું હતું કે, ટ્રેડિંગ કરવાથી ૧૦ ટકા કમિશન મળશે. મને ટ્રેડિંગ કરવાની ઈચ્છા થતા તેઓના કહેવાથી મેં એક વેબસાઈટમાં રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ તેઓએ મોકલેલા બેંક એકાઉન્ટમાં મેં ૬ લાખ ભર્યા હતા. તેઓએ મને ૧.૨૦ લાખ પરત આપતા મને તેઓ પર ભરોસો આવ્યો હતો. તેઓએ મારી પાસેથી કુલ ૩૬.૩૦ લાખ લીધા હતા. જે પૈકી ૧.૨૦ લાખ પરત આપ્યા હતા. જ્યારે બાકીના ૩૫.૩૦ લાખ પરત આપ્યા નહોતા. આ રૂપિયા તેમની વેબસાઈટમાં ૨.૭૫ કરોડ દેખાતા હતા.

## નો હેન્ડશેક: મહિલા વર્લ્ડકપમાં પણ પાકિસ્તાનની ફજેતી, હરમનપ્રીતે ફાતિમા સાથે ન મિલાવ્યો હાથ

મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચ શરૂ થઈ ગઈ છે. આ મેચમાં ફરી એકવાર બંને દેશોના ખેલાડીઓ વચ્ચેનો તણાવ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો. પાકિસ્તાને ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ ટોસ દરમિયાન ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરે પાકિસ્તાની કેપ્ટન ફાતિમા સના સાથે હાથ મિલાવ્યા નહોતા. એટલું જ નહીં, ટોસ સમયે બંને કેપ્ટનો વચ્ચે કોઈ વાતચીત પણ થઈ નહોતી.આ મહત્વની મેચ માટે બંને ટીમોએ પ્લેઈંગ ઈલેવનમાં એક-એક ફેરફાર કર્યો છે. ભારતે અમનજોતની જગ્યાએ રેણુકા ઠાકુરને ટીમમાં સામેલ કરવામાં આવી છે. જ્યારે પાકિસ્તાને ઓમૈમા સોહેલની જગ્યાએ સદાફ શમાસને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળ્યું છે. મહત્વનું છે કે ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો ૈં ઈતિહાસમાં પાકિસ્તાન સામે પ્રભાવશાળી રેકોર્ડ રહ્યો છે. બંને દેશો વચ્ચે અત્યાર સુધીમાં કુલ ૧૧ મેચ રમાઈ છે, અને તે બધી જ મેચ ભારતીય ટીમે જીતી છે. પાકિસ્તાન હજી સુધી ભારત સામે ૈં જીતવા માટે ઝંખી રહ્યું છે.ભારતીય ખેલાડીઓ દ્વારા પાકિસ્તાની ટીમથી અંતર રાખવાની આ ઘટના પહેલી નથી. આ વર્ષે ૨૨મી એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા, ત્યારથી જ બંને દેશોના ખેલાડીઓ વચ્ચે તણાવ વધ્યો છે.ઉલ્લેખનીય છે કે, ૧૪મી સપ્ટેમ્બરના રોજ એશિયા કપ ૨૦૨૫માં જ્યારે ભારત અને



પાકિસ્તાનની પુરુષ ક્રિકેટ ટીમ પહેલીવાર સામસામે આવી હતી, ત્યારે પણ ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા નહોતા. પુરુષ ટીમે સમગ્ર એશિયા કપ દરમિયાન પાકિસ્તાનીઓ સાથે હાથ મિલાવવાનો ઈનકાર કર્યો હતો. ફાઈનલ જીત્યા બાદ પણ ટીમે છઝઝ અધ્યક્ષ મોહસીન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. નકવી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ અને પાકિસ્તાનના ગૃહમંત્રી તરીકે પણ સેવા આપે છે અને તે ભારત વિરુદ્ધ આકરા નિવેદનો માટે જાણીતા છે.

# ગત મહિને પામ ઓઈલની આયાત ઘટી ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચી



મુંબઈ : પામ ઓઈલના સ્થાને રિફાઈનરો દ્વારા સોયાઓઈલની ખરીદી વધતા સપ્ટેમ્બરમાં પામ ઓઈલની આયાત ઘટી ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચી ગઈ છે. ભારત દ્વારા પામ ઓઈલની નીચી આયાતથી મલેશિયાના પામ ઓઈલ ફ્યુચર્સમાં ઘટાડો જોવા મળશે જ્યારે અમેરિકન સોયાઓઈલ ફ્યુચર્સને ટેકો મળી રહેશે એમ બજારના સુત્રો માની રહ્યા છે. ગત મહિનામાં પામ ઓઈલની આયાત ઓગસ્ટની સરખામણીએ ૧૫.૯૦ ટકા ઘટી ૮.૩૩ લાખ ટન રહ્યાનું પ્રાથમિક અંદાજમાં જણાય છે, જે મે બાદ સૌથી નીચી આયાત છે. ભારત વનસ્પતિ તેલનો મોટો ખરીદદાર દેશ છે. સોયાઓઈલની આયાત ૩૭.૩૦ ટકા વધી ૫.૦૫ લાખ ટન રહી હતી જે જુલાઈ, ૨૦૨૨ બાદ સૌથી ઊંચી રહી છે. સનફલાવર ઓઈલની આયાત પણ પાંચ ટકાથી વધુ વધી ૨.૭૨ લાખ ટન સાથે આઠ મહિનાની ટોચે રહી છે. સપ્ટેમ્બરમાં દેશની ખાદ્ય તેલની એકંદર આયાત ઓગસ્ટની સરખામણીએ સાધારણ ઘટી ૧૬.૧૦ લાખ ટન રહી હોવાનું પણ પ્રાથમિક અંદાજમાં જણાયું છે. પામ ઓઈલની નીચી આયાતને કારણે એકંદર આયાતમાં ઘટાડો થયો છે.હાલમાં પામ ઓઈલના ભાવ ઊંચા પ્રવર્તી રહ્યા હોવાથી આયાતકારો સોયાઓઈલ પર પસંદગી ઢોળી રહ્યા છે. જૂન તથા ઓગસ્ટના ગાળામાં ઊંચી આયાતને પરિણામે દેશમાં પામ ઓઈલનો સ્ટોક તહેવારોની મોસમ પહેલા સાનુકૂળ સ્થિતિમાં છે.તહેવારો દરમિયાન ભારતમાં ખાધ્ય તેલની માગમાં વધારો થતો હોવાથી તે પૂર્વેના કેટલાક મહિનામાં આયાતમાં વધારો જોવા મળે છે. ગયા મહિને ભારતે લાંબા ગાળા બાદ ચીન ખાતેથી પહેલી વખત ૧૧૦૦૦ ટન સોયા ઓઈલની આયાત કરી હતી. ભારતની પામ ઓઈલની આયાત મુખ્યત્વે ઈન્ડોનેશિયા તથા મલેશિયા ખાતેથી થાય છે જ્યારે સોયાઓઈલની આયાત યુક્રેન, રશિયા, બ્રાઝિલ અને આર્જેન્ટિના ખાતેથી કરવામાં આવે છે.

## ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં અમેરિકાથી ક્રુડની આયાતમાં નોંધાયેલો તીવ્ર ઘટાડો

નવી દિલ્હી : ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં અમેરિકાથી ભારતમાં કાચા તેલના શિપમેન્ટમાં સરેરાશ ૪૦ ટકાનો ઘટાડો થયો છે. ગયા મહિને અમેરિકાથી એલએનજીની આયાત એક વર્ષ પહેલાની સરખામણીમાં ૪૧ ટકા ઘટી હતી અને માસિક ધોરણે ૨૩ ટકા ઘટી હતી.

મેરીટાઈમ ઈન્ટેલિજન્સ એજન્સી કેપ્લરે અહેવાલ આપ્યો છે કે ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં યુએસ ક્રૂડ ઓઈલનો પુરવઠો સરેરાશ ૨.૨૦ લાખ બેરલ પ્રતિ દિવસ હતો, જે જુલાઈમાં ૩.૬૪ લાખ બેરલ પ્રતિ દિવસ હતો. સપ્ટેમ્બરમાં આયાત વાર્ષિક ધોરણે ૩૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ ઘટી હતી, જે માસિક ૨૩,૦૦૦ બેરલ પ્રતિ દિવસ હતી.

યુએસ સપ્લાયનો કરાર ૪૫ થી ૬૦ દિવસ અગાઉથી કરવામાં આવે છે. આનો અર્થ એ થાય કે જુલાઈમાં સામાન્ય રીતે મે/જૂનમાં કરાર કરવામાં આવે છે. ઓગસ્ટ/સપ્ટેમ્બર સપ્લાય માટે ઓર્ડર જુલાઈ/ ઓગસ્ટમાં મૂકવામાં આવે છે. ટ્રમ્પે જુલાઈમાં ભારત પર ગૌણ ટેરિફની જાહેરાત કરી હતી, અને તે ઓગસ્ટના અંતમાં અમલમાં આવ્યા હતા.

ભારતમાં યુએસ એલએનજી સપ્લાય એક વર્ષ પહેલા ૪.૬ લાખ ટનથી ઘટીને ગયા મહિને ૨.૭ લાખ ટન થયો હતો. જોકે, ઓગસ્ટમાં આ સપ્લાય ૩.૫ લાખ ટન હતો. ૨૦૨૫ના નવ મહિનામાં, યુએસએ આ વર્ષે ૨ મિલિયન ટન ખરીદ્યું, જે ૨૦૨૪માં ૫ મિલિયન ટન હતું.

ભારતીય રિફાઈનરીઓ વિશ્વના સૌથી સસ્તા તેલ પુરવઠાની શોધ કરી રહી છે. આ શોધમાં રશિયા પણ બાકાત રહ્યું નથી. ભારતે સપ્ટેમ્બરમાં રશિયા પાસેથી ફેબ્રુઆરી પછી સૌથી ઓછો તેલ સપ્લાય કર્યો હતો, જે ૧.૬ મિલિયન બેરલ પ્રતિ દિવસ હતો.

# વિવિધ દેશોની મધ્યસ્થ બેંકો દ્વારા સોનાની ખરીદીમાં નોંધપાત્ર વધારો




અમદાવાદ : ૨૦૨૫માં સોનાના ભાવમાં તીવ્ર વધારો થયો છે. વર્ષની શરૂઆતથી, સોનું લગભગ ૪૮ ટકા જેટલું મોંઘુ થયું છે. આ પાછળના મુખ્ય કારણોમાં વિવિધ દેશોની મધ્યસ્થ બેંકો દ્વારા ખરીદી, વૈશ્વિક રાજકીય તણાવ અને વેપાર સંબંધિત અનિશ્ચિતતાઓ છે. સોનાને હંમેશા સલામત રોકાણ માનવામાં આવે છે કારણ કે તેનો સરળતાથી વેપાર થાય છે અને લાંબા ગાળે સારું વળતર આપે છે. આ બધા પરિબળો આ ધાતુના ભાવમાં સતત વધારો કરી રહ્યા છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ મુજબ, જુલાઈ ૨૦૨૫માં વિશ્વની કેન્દ્રીય બેંકો પાસે કુલ ૩૬,૩૫૯ ટન સોનું હતું. યુનાઈટેડ સ્ટેટ્સ પાસે સૌથી વધુ સોનું, આશરે ૮,૧૩૩ ટન, હતું. આ પછી જર્મની, આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ, ઈટાલી અને ફ્રાન્સનો ક્રમ આવે છે. ભારત ૮૮૮ ટન સાથે નવમા ક્રમે છે અને જાપાન ૮૪૬ ટન સાથે ૧૦મા ક્રમે છે.

ભારતે ૨૦૨૫માં અત્યાર સુધીમાં કુલ ૩.૮ ટન સોનું ખરીદ્યું છે. આમાં જાન્યુઆરીમાં ૨.૮ ટન, માર્ચમાં ૦.૬ ટન અને જૂનમાં ૦.૪ ટનનો સમાવેશ થાય છે. આનાથી ભારતના સોનાના ભંડારને વધુ મજબૂત બનાવવામાં આવ્યો છે અને તે દર્શાવે છે કે ભારત સોનાને સુરક્ષિત રોકાણ માને છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના અહેવાલ મુજબ, ઓગસ્ટ ૨૦૨૫ માં વિશ્વભરની મધ્યસ્થ બેંકોએ તેમના ભંડારમાં કુલ ૧૫ ટન સોનું ઉમેર્યું હતું. કઝાકિસ્તાનની નેશનલ બેંક સતત છઠ્ઠા મહિનાથી સોનું ખરીદી રહી છે અને હવે કુલ ૩૧૬ ટન ધરાવે છે. બલ્ગેરિયાએ ઓગસ્ટમાં ૨ ટન ઉમેર્યું હતું , જે જૂન ૧૯૯૭ પછીનો તેનો સૌથી મોટો માસિક વધારો છે.

## તંત્રી સ્થાનેથી..

### સોના-ચાંદીમાં તેજીનો આંખલો દોડ્યો, બંનેની કિંમત રેકોર્ડ ઊંચાઈએ

વૈશ્વિક બજારમાં કિંમતી ધાતુઓમાં ઉદ્ધવેલ આગ ઝરતી તેજીને પગલે સ્થાનિક સોના ચાંદી બજારમાં પણ સોના- ચાંદીમાં તેજીનું નવેસરથી તોફાન જોવા મળ્યું છે. અમેરિકામાં શટડાઉનના પગલે કિંમતી ધાતુઓમાં તેજીને નવું કારણ મળતાં વૈશ્વિક સોનું ૩૯૦૦ ડોલરની સપાટી કૂદાવી ગયું હતું જેને પગલે અમદાવાદ સોના-ચાંદી બજારમાં ચાંદી ઉછળીને રૂ. ૧૫૦૦૦૦ તથા સોનું ૧૨૨૫૦૦ની નવી રેકોર્ડ સપાટીએ પહોંચી જવા પામ્યું હતું.

વિશ્વબજારના સમાચાર તેજીની આગેકૂચ બતાવી રહ્યા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૩૮૬૦ થી ૩૮૬૧ ડોલરવાળા વધી ઉંચામાં ભાવ ૩૯૧૦થી ૩૯૧૫ ડોલર સુધી ઉછળી છેલ્લે ભાવ સપ્તાહના અંતે ૩૮૮૬ થી ૩૮૮૭ ડોલર રહ્યા હતા. વિશ્વબજાર પાછળ ઘરઆંગણે પણ ઈમ્પોર્ટ કોસ્ટ વધતાં ઝવેરીબજારોમાં રેકોર્ડ તેજી આગળ વધી હતી. વિશ્વબજારમાં આ વર્ષે અત્યાર સુધીના ગાળામાં સોનાના ભાવ આશરે ૪૫ ટકા વધી ગયા છે તથા આવી તેજી આ પૂર્વે છેલ્લે ૧૯૭૯માં જોવા મળી હતી. એવું બજારના જાણકારોએ જણાવ્યું હતું.

દરમિયાન, અમેરિકામાં સરકારી ખર્ચાઓનું ભંડોળ મંજૂર ન થતાં શટડાઉન લાગુ પડતાં સોનાની તેજીને હવે નવું કારણ મળ્યું હોવાનું વૈશ્વિક જાણકારો જણાવી રહ્યા હતા. વિશ્વબજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંશના ૪૭.૩૯ થી ૪૭.૪૦ વાળા વધી ૪૮.૦૦ થી ૪૮.૦૧ ડોલર છેલ્લે રહ્યા હતાઅમદાવાદ સોના-ચાંદી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૧૦૦૦ ઉછળી ૯૯૫ ના રૂ.૧૨૨૦૦૦ તથા ૯૯૯ ના રૂ.૧૨૨૫૦૦ બોલાતાં નવો વિક્રમ સર્જાયો હતો જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૧૦૦૦ વધી રૂ.૧ લાખ ૫૦ હજારને આંબી જતાં બજારના ખેલાડીઓ અચંબામાં પડી ગયા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવમાં રેકોર્ડ તેજીના પગલે વૈશ્વિક સ્તરે વિવિધ ગોલ્ડ માઈનિંગ કંપનીઓના શેરોના ભાવ પણ ઉછળ્યા હતા તથા આવી કંપનીઓનો શેર ઈન્ડેક્સ ગોલ્ડ માઈનર્સ ઈન્ડેક્સ આ વર્ષે ૧૩૫ ટકાની વૃધ્ધિ બતાવી રહ્યો હતો. આવી ઘણી કંપનીઓના શેરોના ભાવ આ વર્ષે બમણા થઈ ગયાના વાવડ પણ મળ્યા હતા.આ વખતે દશેરાએ સોનાના આકાશને આંબતા ભાવના કારણે સોનાનું વેચાણ ૨૫ ટકા ઘટયું છે. આમ સોનાએ આ વખતના દશેરાએ તેની ચમક ગુમાવી દીધી હતી. ઊંચા ભાવના કારણે ગ્રાહકો સોનાની ખરીદીથી દૂર થતાં જોવા મળ્યા હતા. ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનના જણાવ્યા મુજબ ગયા વર્ષની તુલનાએ સોનાનું વેચાણ ૨૫ ટકા ઘટીને ૧૮ ટન રહ્યુ હતુ. ગયા વર્ષે આ સમયગાળા દરમિયાન ૨૪ ટન ઝવેરાતનું વેચાણ થયું હતું.ભારતમાં સોનું બધાને પસંદ છે, પરંતુ સોનાની કિંમત અંકુશ બહાર થઈ જાય તો લોકો તેની ખરીદી કઈ રીતે કરશે. આ વર્ષે દશેરા બીજી ઓક્ટોબરના રોજ મનાવવામાં આવી હતી.તે સમયે સોનાનો ભાવ પ્રતિ દસ ગ્રામે રૂ. ૧.૧૬ લાખ હતો. આ ભાવ દશેરાના ગયા વર્ષના ભાવ પ્રતિ દસ ગ્રામે રૂ. ૭૮૦૦૦ થી ઘણો એટલે કે ૪૮ ટકા વધારે છે. ગ્રાહકોએ સોનાની કિંમત ઉપરાંત ત્રણ ટકા જીએસટી પણ આપવાનો હોય છે. આઈબીજેએના સચિવ સુરેન્દ્ર મહેતાનું કહેવું છે કે ચાલુ વર્ષની તુલનાએ ગયા વર્ષની દશેરા વધારે સારી હતી. આ વખતે ઊંચા ભાવના કારણે માંગ પર અસર પડી છે. લોકો નવુ સોનું ખરીદવાના બદલે જૂના સોનાની અદલાબદલી કરી રહ્યા છે.

# ગાંધીનગરમાં વિજયા દશમી નિમિત્તે દુર્ગા દોડ અને શસ્ત્ર પૂજન







ગાંધીનગર,તા.૨

આજરોજ ગાંધીનગરના કુડાસણ ખાતે ભારત રક્ષા મંચ અને ગંગા સમગ્રના સંયુક્ત ઉપક્રમે વિજયા દશમી નિમિત્તે માતા દુર્ગામાં દોડ અને શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું પ્રારંભ લાભ નિરાંત બંગલોઝથી કરવામાં આવ્યું હતું, જ્યાં ૨૧ દીકરીઓને તલવાર ભેટ સ્વરૂપે આપી અને માતા દુર્ગાની ઐતિહાસિક દોડ યોજાઈ હતી.

દોડનું સમાપન કુડાસણના શ્રી હરી હનુમાનજી મંદિરે કરવામાં આવ્યું, જ્યાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું. કલ્પનાબા સિસોદિયા દ્વારા તાલીમ મેળવેલ દીકરીઓએ તલવારબાજીનું પ્રદર્શન કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

ભારત રક્ષા મંચના ગુજરાત પ્રાંત અધ્યક્ષ અને પશ્ચિમ ક્ષેત્ર ના સંગઠન મંત્રી ડૉ. ઈલેવાન ઠાકરે જણાવ્યું હતું, ×આ વિજયાદશમી એ અધર્મ પર ધર્મના વિજયનો દિવસ છે. ભગવાન શ્રી રામે આ દિવસે રાવણનો નાશ કરી ધર્મની સ્થાપના કરી હતી.× તેઓએ ઉમેર્યું કે નવ દિવસના નવરાત્રિ બાદ વિજયાદશમી ઉજવાય છે અને દુર્ગા માતાની દોડ તથા શસ્ત્ર પૂજન આપણા શૌર્ય અને સંસ્કૃતિનું ગૌરવ છે.

ઈલેવાન ઠાકરે જણાવ્યું હતું, ×ગાંધીનગરની પવિત્ર ધરતી પર દુર્ગા દોડ અને શસ્ત્ર પૂજનનો અનોખો પ્રસંગ પ્રથમવાર ઉજવાયો છે. દુર્ગાદોડમાં દુર્ગા માતાની આરાધના કરીએ છીએ, જે માત્ર દેવી જ નહી પણ બળ, શક્તિ અને આત્મવિશ્વાસનું પ્રતીક છે. દુર્ગા માતાની આરાધનાથી સમાજને સુરક્ષિત રાખવાનો અને સંસ્કાર જીવંત રાખવાનો સંકલ્પ લેવાય છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું, ×શસ્ત્ર પૂજન આપણને યાદ અપાવે છે કે હિન્દુ સમાજ ક્યારેય નિર્બળ રહ્યો નથી અને રહેશે નહીં. દુર્ગા દોડ માત્ર દોડ નથી, પણ હિન્દુ જાગૃતિ અને સમાજની એકતાનું પ્રતીક છે. જ્યારે હિન્દુ સમાજ એકસાથે દોડે છે ત્યારે કોઈ પણ શક્તિ તેને રોકી શકતી નથી.×

આ પ્રસંગે ગંગા સમગ્ર અને ભારત રક્ષા મંચના કાર્યકરો દ્વારા દુર્ગાદોડ દરમિયાન ધર્મની રક્ષા કરવાનો સંકલ્પ લેવાયો હતો. ઉપસ્થિત મહાનુભાવો અને સંસ્થાના પ્રતિનિધિઓએ શાસ્ત્ર અને શસ્ત્ર બંનેના માર્ગે ચાલીને રાષ્ટ્રને મજબૂત બનાવવાનો અને હિંદુત્વની જ્યોત ક્યારેય બુઝવા નહીં દેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

કાર્યક્રમમાં ગાંધીનગરના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને મ્યુનિસિપલ કોર્પોરેટર જશુભાઈ પટેલ, પૂર્વ એડિશનલ કલેક્ટર એ.કે. સિંહ, એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુરેન્દ્રસિંહ સિસોદિયા, ગઢડાના પૂર્વ ધારાસભ્ય અને ભારત રક્ષા મંચના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રવીણભાઈ મારુ, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના રાજ્ય પ્રમુખ ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી, વિશ્વ હિન્દુ પરિષદ દુર્ગાવાહિનીના એડવોકેટ સોનલબેન જોશી, ડિમ્પલબેન, સુનિલ રાય, ભારત રક્ષા મંચના ગાંધીનગર શહેરના પ્રભારી કેતન જોશી, શહેર પ્રમુખ હાર્દિકભાઈ પંડ્યા, મહિલા પ્રભારી શર્મિષ્ઠાબેન મહેતા, અજીતભાઈ ઠાકોર, તેમજ અમદાવાદથી ગંગા સમગ્રના નરેશભાઈ, ગાયત્રી બેન તથા તેમની ટીમ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સ્વાગત ગંગા સમગ્રના ગુજરાત પ્રાંત સંયોજક અરુણસિંહ રાજપૂતે કર્યું હતું અને મહારાષ્ટ્ર સમાજના ટ્રસ્ટી તથા ભારત રક્ષા મંચના ગુજરાત પ્રાંત ઉપાધ્યક્ષ ડૉ. નારાયણ ભોંયટે તથા તેમની ટીમનો મુખ્ય આયોજન માટે આભાર વ્યક્ત કર્યો હતો.

વિજયા દશમીના પાવન દિવસે યોજાયેલા આ કાર્યક્રમમાં શૌર્ય, સંસ્કૃતિ અને સમાજની એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. શસ્ત્ર પૂજન અને દુર્ગા દોડ દ્વારા હિન્દુ સમાજમાં જાગૃતિ અને સંકલ્પશક્તિ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NG: NOG SS 223.**
તા.૪/૧૦/૨૫
વિષય:શરદ પૂનમ
શીર્ષક:અમાસ થી પૂનમ
પ્રકાર:પદ્ય
શબ્દ સંખ્યા:૧૨૮

અંધારી અમાસથી બીજ અને
પ્રગટે છે શરદ પૂનમ

વૃંદાવને રચાતો રાસોત્સવ અને
રાધાકૃષ્ણ દર્શન છે શરદ પૂનમ

સંસાર સમુદ્રે ભરતી હૈયે પ્રેમની
હેલી છે શરદ પૂનમ

ચંડીકા અષ્ટમી .કાલનવરાત્રી પછી
પ્રગટે ઉજ્જવલ છે શરદ પૂનમ

રસિકોના ચિતેપ્રગટે પ્રેમભકિત
પરિપૂર્ણ છે શરદ પૂનમ

આદિ નર-નારી પ્રકૃતિ પુરુષ
અસ્તિત્વ બ્રહ્માંડ રાસ છે શરદ પૂનમ

તન ડોલે. મન ડોલે ડોલે આત્મરામ
અનંતરાસ છે શરદ પૂનમ

જન્મ મરણ પ્રકૃતિપુરુષ પરમતત્વ
રહસ્ય છે શરદ પૂનમ

મારું તારું છોડી રસો વૈસઃ અદ્વૈત
શાશ્ર્વત છે શરદ પૂનમ

ભૂતભવિષ્ય છોડી પામો વર્તમાન
પુર્ણ એ છે શરદ પૂનમ

આત્મામા પ્રગટે દિવ્યપ્રેમાળ
જયોત એ જ છે શરદ પૂનમ

ઊંડા અંધારેથી પરમતેજે લઈ
જાય એ જ છે શરદ પૂનમ

સહુના હૈયે પ્રેમભકિતહેલી પામો
રસઅમૃત છે શરદ પૂનમ

કૃષ્ણપ્રેમે મીરા પ્રેમદીવાની સદા
રાધાકૃષ્ણ શરણમ્ છે શરદ પૂનમ

-દેવેન્દ્ર આચાર્ય

**NG: NOGSS no. 181**

વિષય: શરદપૂનમ
પ્રકાર: પદ્ય
શબ્દ: ૭૩
શીર્ષક: શરદપૂનમની રાત

ચાંદ ઉતરશે આકાશની છત પર શરદપૂનમની રાતે,
તું સિતારાની બારીમાં છૂપાયેલી ચાંદની બનીને આવજે..

ચાંદની બની શ્વેત વસ્ત્ર પહેરી, રૂપેરી ઝાંઝર છમકાવજે,
વાદળ ગરજશે ને વિજળી સમા ઢોલ નગાડા વાગશે..

તૈયાર રહેજે ઓ! રૂપાળી રાધા રાસ રમવાને,
મોહન જરૂર આવશે, એને "કૌસુમી" રંગમાં રંગાવજે..

દૂધમાં સાકર અને પૌવા બનાવી ક્ષીર સાગર છલકાવજે
શરદ ત્રુતુની ઠંડક પ્રસરાવી, શીતળ છાંયા મણઉજવીએ

રાધા મોહન રાસ રચાવે, સહુ ગોપ ગોપી હરખાવે
શરદપૂનમની રાતે સહુ રાસગરબાની રમઝટ બોલાવશે..

સુરમી બધેકા કૌસુમી- મુંબઈ

**NG: NOG SS NO. 0185**
વિષય : શરદપૂનમ
શીર્ષક : શરદોત્સવ
પ્રકાર : પદ્ય - શબ્દો : ૧૩૯

તાલીઓના તાલે મનડું મારું હરખાય, ને છે શરદપૂનમની રાત રે,
ગગને ચાંદની ચમકે શીતળ, ને ગરબે ઘૂમો આજે છેલ્લી રાત રે,

રાધાકૃષ્ણ રચાવે રાસ વૃંદાવને, ગોપી સંગતે શરદપૂનમની રાતે રે,
મંત્રમુગ્ધ બની રાધા નાચે, બંસરીના નાદે ગરબે ઘૂમે સૌ આજ રે,

સંગીતના સૂરોએ ઠુમકા લઈને, ત્રણ તાલીના લહેકાથી ઘૂમતાં રે,
શરદોત્સવનાં અમૃત વરસે, ગરબે હૈયાં ભીંસાતા સૌના ગરબે રે,

છે મને પ્રિય શરદપૂનમની રાત, અંતરનાં હિંડોળે ઝુલાવે ગરબે રે,
પ્રેમીજન ને મિત્રો સંગે લેતાં રાસ, હૈયું મલકાવી ઘૂમતાં ગરબે રે,

શરદપૂનમે જુવાની રમણે ચઢતી, ને આભલાં કેડીયે પ્રકાશતા રે,
આભલાં ભરેલ ચુંદડી ઓઢીને, ગોરી ખુશી સંગ ગરબે ઘુમતી રે,

ચાંદો ખીલ્યો શરદપૂનમે સોળે કળાએ, પ્રેમનાં સૂર હૃદયે ધડકે રે,
પ્રિયતમ સંગ રાસ રમવાને હૈયુ ઝંખે, ને વિરહે અશ્રુઓ નીતરે રે,

મા આદ્યશક્તિની ભક્તિ વધતી, ને દૂધપૌંઆમાં અમૃત પ્રસરતું રે,
'ઝરૂખો' સૌની સંગતે ગરબે ઘૂમે, શ્રદ્ધા ભક્તિની અંતરે વધતી રે.

-દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ.

**NG: NOGSS NO:371**
વિષય:શરદ પૂનમ
શીર્ષક:- ઈન્તજાર
પ્રકાર:મૌલિક રચના
શબ્દો:૧૦૫

આવે શરદપૂનમની રાતને મારું મનડું મુંઝાય,
કરી ગયો આવવાનો વાયદો પણ સાજન આજદિન સુધી પાછો આવેલ નહીં.

યાદ છે સાજન આજ પણ એ નોરતાની નવલી રાતો,
જીવવા મરવાના લીધેલા વાયદા કદાચ તને યાદ છે નહીં.

હતી એ રાત સાતમને સોમવારને આઠમની અધરાત,
જાવું હતું તારે પરદેશ ને કરેલ વાયદો શરદપૂનમે આવવાનો જે પાળ્યો નહીં.

તારા આવવાની રાહમાં દિવસો અઠવાડિયા મહિનાને વર્ષો વીતતા ગયા,
સમય જતા તારા સમાચાર આવતા બંધ થયા અને હવે તો આવવાની કોઈ એંધાણી મળી નહીં.

આખર ચાંદની ક્યાં સુધી આંખો પાથરી તારા આવવાના રસ્તા પર ઈન્તજાર કરે,
હવે તો એવું પ્રતીત થાય છે કે શ્વાસ છૂટશે નાડી તૂટશે પણ તું આવશે નહીં.

ડૉ ભાવના એન જોષી ચાંદની વડોદરા.

**NG:** વિષય-શરદ પૂનમ
શિર્ષક-ચાંદની માં પ્રણય
પ્રકાર- ગદ્ય શબ્દો-૩૪૮

લાઈટ હાઉસ ની બરાબર સામે જ ઘુઘવતો દરિયો હતો.
નાળીએરી ના પાંદડા માથી ચંન્દ્ર નો પ્રકાશ ચળાઈને દરીયા માં આવતો હતો.જાણે ચાંદી ની ઉજળી પાટ હિલોળે ચડી હોય એવુ લાગતુ હતુ.
મહિલા મંડળનું ગ્રુપ ગરબા ગાતુ હતુ તો કોલેજ નુ ગ્રુપ ક્રિકેટ રમતુ હતુ.તો કોઈ ગ્રુપ અંતકડી ની મજા લેતુ હતુ.
કોઈ નવપરણિત યુગલ દૂર પહાડી કોતર માં પ્રેમાલાપ કરતુ હતુ.જાણે સારસની જોડી એકબીજામાં સમાઈ જવા આતુર હોય.

મેડીકલ એસોસિએશન ના ગ્રુપ માં એક ડોક્ટરની દીકરી પારૂલ ને કુદરત નિહાળવાનો બહુ શોખ હતો.તે સ્વભાવે કવિયત્રી હતી.તેને એકાંત પસંદ હતુ.તે ઘરે રહીને એકલી બેસીને કવિતા લખવા માંગતી હતી.પણ પારૂલના પપ્પા એ તેને આગ્રહ કરીને સાથે લીધી. તે એકદમ સફેદ કુર્તો અને પાયજામો પહેરીને તૈયાર થઈ ને આવી.
પારૂલતો લાઈટ હાઉસ આવીને પાગલ જ થઈ ગઈ. શરદ પૂનમ ના આહ્લાદક દ્રશ્ય થી દિગ્મુઢ જ થઈ ગઈ. નાળીએરી ના પાંદડા માંથી ચંદ્રનો પ્રકાશ ચળાઈને દરીયામાં ઢોળાઈ જતો હતો.
એક ડોકટરે પુછ્યુ " ભાઈ, દૂધ પૌંઆ તો લાવ્યા છો ને!" એ કેમ ભુલાય! દૂધ પૌંઆ તપેલી માં મુકી ઉપર ચારણી થી ઢાંકી ચન્દ્ર ના શીતલ ચાંદની મા મુકી ને લઈ ને આવ્યા છીએ. "

ડોકટરોની ગ્રુપ ચટાઈ પાથરીને દૂધપાક અને ઊંધીયા ની મહેફીલ જમાવવામાં મગ્ન હતા.
પણ પારૂલ તો ધીમેધીમે યંત્રવત્ દરીયા તરફ ખેંચાતી જતી હતી.મનમાં કોઈ કાવ્ય રચના તેના મનમાં ઉદ્ભવતી જતી હતી.તેને ખ્યાલ જ ન રહ્યો કે તે ક્યાં પહોંચી ગઈ છે!
દરીયામા તેને આવકારવા એક જોરથી મોજુ આવ્યુ,જાણે તેને પ્રેમ થી વળગવા આવ્યુ હોય.
પારૂલ મોજાના જોરદાર પ્રવાહથી ખેંચીને દરીયામાં પડી ગઈ. પડતાજ તેનાથી મોટેથી ચીસ પડાઈ ગઈ.

બધા ચીસ સાંભળીને દરીયા તરફ દોડ્યા.દરીયામાં ભરતીના મોજા એકદમ મોટેથી ઉછળતા હતા. પરંતુ આવા ભયજનક મોજામા જવાની કોઈ ને હિંમત નહોતી થતી. ત્યા એકદમ એક જુવાન દરીયામાં કુદી પડ્યો. થોડીવાર મા તે યુવાન પારૂલને ઉંચકીને બહાર નીકળ્યો.તે યુવાન જળપરીને લઈ ને નીકળ્યો હોય એવુ બધાને લાગ્યુ. પારૂલના પપ્પાએ અભય ને તેના મિત્રોને બધાની સાથે આવવાનુ આમંત્રણ આપ્યુ.
અધય અને પારૂલ પૂનમની ચાંદનીમાં એકબીજા ને તીરછી નજર થી જોઈ રહ્યા હતા.
ચાર વર્ષ પછી પારૂલ અને અભય પતિ-પત્નિ બનીને એ જ દરીયા કિનારે બેસીને શરદ પૂનમ ની ચાંદની ને માણી રહ્યા હતા.
પન્ના પાઠક

# અરબ સાગરમાં 'શક્તિ' વાવાઝોડાની અસરઃ દ્વારકાના દરિયામાં ૨૫ ફૂટના મોજાં ઉછળ્યા, વહીવટી તંત્ર એલર્ટ

અરબ સાગરમાં સર્જાયેલા સંભવિત 'શક્તિ' વાવાઝોડાના જોખમને ધ્યાનમાં રાખીને ગુજરાતનું વહીવટી તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. હવામાન વિભાગ (ૈંસ્ઢ) દ્વારા જાહેર કરવામાં આવેલી આગાહી મુજબ, આ વાવાઝોડું ૬ ઓક્ટોબરે પોતાની દિશા બદલીને ગુજરાતના દરિયાકાંઠા તરફ આગળ વધે તેવી સંભાવના છે. 'શક્તિ' વાવાઝોડું રાજ્યના દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર અને કચ્છના દરિયાકાંઠા વિસ્તાર પર સીધું ટકરાય તેવી આશંકા છે. જેને લઈને તંત્ર દ્વારા તમામ કાર્યવાહી તેજ કરવામાં આવી છે.

હાલની સ્થિતિ જોતા 'શક્તિ' વાવાઝોડું દ્વારકાથી પશ્ચિમ દિશામાં આશરે ૬૦૦ કિલોમીટર દૂર અરબ સાગરમાં




છે અને પ્રતિ કલાક ૧૨ કિ.મી ઝડપે ઓમાન તરફ આગળ વધી રહ્યું છે. જો કે, દિશા બદલવાની આગાહીને કારણે સંભવિત અસરવાળા વિસ્તારોમાં લોકોને સતર્ક રહેવા જણાવાયું છે.

ગુજરાત મેરિટાઈમ બોર્ડ (ય્સ્મ) દ્વારા સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે. આ સિવાય તમામ માછીમારોને સ્પષ્ટ સૂચના આપી દેવાઈ છે કે તેઓ દરિયો ન ખેડે અને કિનારે પાછા ફરે. હાલ, ઓખા, સલાયા અને રૂપેણ જેવા મુખ્ય બંદરો પર ત્રણ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવાયું છે, જેનો અર્થ છે કે બંદર પર સામાન્ય તોફાનની સંભાવના છે. વાવાઝોડાની સંભવિત અસરના ભાગરૂપે દેવભૂમિ દ્વારકાના દરિયામાં સ્થિતિ બદલાઈ છે. દરિયામાં હાલમાં જબરદસ્ત કરંટ જોવા મળી રહ્યો છે અને ૨૦ થી ૨૫ ફૂટ જેટલા ઊંચા મોજાં ઉછળી રહ્યા છે, જે ભયજનક દ્રશ્યો સર્જી રહ્યા છે. આ જોખમને ધ્યાનમાં રાખીને દ્વારકા આવતા પ્રવાસીઓ માટે ગોમતી નદીના સંગમસ્થળ કે દરિયામાં સ્નાન કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગોમતી નદીના ઘાટ, ભડકેશ્વર મહાદેવ મંદિર તરફના વિસ્તારમાં પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમોને પણ તૈનાત કરવામાં આવી છે. વહીવટી તંત્ર સંભવિત નુકસાન ઘટાડવા માટે તમામ જરૂરી પગલાં લઈ રહ્યું છે અને દ્ગડ્ઢઇહ્લની ટીમોને સંભવિત અસરગ્રસ્ત જિલ્લાઓમાં મોકલવા માટે પણ તૈયારીઓ ચાલી રહી છે.

# લાલપુરના નવાગામમાં આવેલી ખાનગી સોલાર કંપનીના એરિયામાં અજાણ્યા શખ્સો દ્વારા કીમતી વાયરોને કટીંગ કરવાનું કારસ્તાન

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નવા ગામ વિસ્તારમાં આવેલી ખાનગી સોલાર કંપનીના એરિયામાં કોઈ અજાણ્યા શખ્સો એ પ્રવેશ કરીને અતિ કીમતી વાયર કટીંગ કરવાની કોશિશ કરી હતી, જેથી કંપનીમાં એકાએક ટ્રીપિંગ આવી ગયું હતું, અને કંપનીને આશરે એકાદ કરોડ રૂપિયાની નુકસાની પહોંચી છે. જે મામલે અજાણ્યા શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.જામનગર નજીક લાલપુર તાલુકાના નવાગામમાં પી.વી. સોલાર કંપની આવેલી છે, જે ખાનગી કંપનીના એરિયામાં ૨૨૦ કે.વી.ની ઈલેક્ટ્રિકની હેવી લાઈન પાથરવામાં આવી છે, અને તેના અતિ કીમતી વાયરો બીછાવેલા છે, જેના આધારે કંપની નો પાવર પ્લાન્ટ ચાલી રહ્યો છે.

જે એરિયામાં કોઈ અજ્ઞાત



વ્યક્તિ એ પ્રવેશ મેળવી લીધો હતો, અને કંપનીના અતી કીમતી ગણાય એવા ઈલેક્ટ્રીક વાયરને ધારદાર હથીયાર વડે કાપવાનો પ્રયત્ન કર્યો હતો, જેના કારણે કંપનીમાં પાવર પ્લાન્ટ ટ્રીપ થઈને આશરે ત્રણેક કલાક સુધી પ્લાન્ટ બંધ પડી ગયો હતો. જે પ્લાન્ટ બંધ થવાથી કંપનીને આશરે એકાદ કરોડનું આર્થિક નુકસાન પહોંચ્યું હતું.તેથી સમગ્ર મામલો મેઘપર પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને ખાનગી કંપનીના જવાબદાર પ્રતિનિધિ જય કુમાર વિનોદભાઈ સાપરિયાએ મેઘપર પોલીસ મથકમાં રૂપિયા એકાદ કરોડનું નુકસાન પહોંચાડનાર અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

# જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાની ટુકડી દ્વારા શહેરમાં ગેરકાયદે રીતે લગાવાયેલા જાહેરાતના હોર્ડિંગ્સ-બોર્ડ દૂર કરવાની કાર્યવાહી

જામનગર શહેરમાં ખાસ કરીને દિવાળીના તહેવારો દરમિયાન જાહેર માર્ગ પર મહાનગરપાલિકાની મિલકતોમાં આડેધડ મુકાયેલા જાહેરાતના બોર્ડ અને બેનરોને જપ્ત કરવાની જામ્યુકોની દબાણ હટાવ શાખાએ કામગીરી હાથ ધરી હતી, અને છેલ્લા ત્રણ દિવસમાં ૬૫૦થી વધુ પોસ્ટર, બોર્ડ, અને બેનરો જપ્ત કરવામાં આવ્યા છે.



જામનગર શહેરમાં દિવાળીના તહેવારોને કારણે કેટલાક ધંધાર્થીઓએ મંજૂરી મેળવ્યા વિના આડેધડ જાહેરાત માટે બોર્ડ અને બેનરો લગાડવામાં આવ્યા હતા. જેથી આડેધડ મુકાયેલા બોર્ડ અને બેનરો જપ્ત કરવાની જામ્યુકોની એસ્ટેટ શાખાના દબાણ હટાવ અધિકારી અનવર ગજ્જણના માર્ગદર્શન હેઠળ ટીમે કામગીરી હાથ ધરી હતી.

જેમાં શહેરના અલગ અલગ વિસ્તારોમાં ત્રણ ટીમો બનાવીને છેલ્લા ત્રણ દિવસથી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે જેમાં રણજીતસાગર રોડ, હવાઈ ચોક, ટાઉન હોલ, સેન્ટ્રલ બેંક, એસ.ટી.રોડ, બેડી નાકા, પી.એન. માર્ગ, સાત રસ્તાથી ટાઉન હોલ સુધીનો રોડ, સમર્પણ સર્કલ, ખોડીયાર કોલોની શરૂ સેકશન રોડ સહિતના વિસ્તારોમાં કોઈપણ પ્રકારની મંજૂરી વગર લગાવી દેવાયેલા બિન અધિકૃત એવા ૬૫૦થી વધૂ જાહેરાતના બોર્ડ અને બેનરો જપ્ત કરવામાં આવ્યા છે. જે કાર્યવાહી આજે રવિવારના રજાના દિવસે પણ ચાલુ રખાઇ છે.

# ગરબામાં ગયેલા ડોક્ટર દંપતીના ઘરમાંથી ચોરી કરનાર રીઢો આરોપી ઝડપાયો



ગરબામાં ગયેલા ડોક્ટર દંપતીના મકાનમાંથી સોના ચાંદીના દાગીનાની ચોરી કરનાર રીઢા આરોપીને પોલીસે ઝડપી પાડયો છે. પોલીસે આરોપી પાસેથી ૬૦.૯૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

અરૂણોદય સોસાયટીમાં રહેતા ડો.પ્રિતિ કામથ અને તેમના પતિ ડો. નાગેશ કામથ ગત ૩૦મી તારીખે ગરબામાં ગયા હતા.રાતે ૧:૦૦ વાગ્યાના અરસામાં ગરબામાથી ઘેર પહોંચ્યા ત્યારે રસોડાની સામેના રૂમના દરવાજાના બારણાનો ઉપરનો ભાગ તૂટેલો જણાતાં શંકા પડી હતી. ઘરમાં તપાસ કરતાં ચોર સોના અને ડાયમંડના સાડા દસ તોલાથી વધુના દાગીના લઇ ગયો હોવાનું જણાઇ આવ્યું હતું. જોકે, પોલીસે માત્ર ૧૫ લાખની જ ચોરી થઇ હોવાનું નોંધ્યું હતું. દરમિયાન ડીસીબી પોલીસે રીઢા આરોપી વિશાલ મનુભાઇ પટેલ (રહે. વાંસખીલીયા, સ્વામિનારાયણ મંદિર પાસે, આણંદ) ને ઝડપી પાડયો છે. પોલીસે સોના ચાંદીના દાગીના, વેચી દીધેલા હારમાંથી બનાવેલી સોનાની લગડી, બાઇક અને ફોન કબજે લીધા છે. જુગાર અને મોજશોખ માટે તેણે ૧૨ વર્ષ પહેલા ગુનાખોરીની દુનિયામાં પગ મૂક્યો હતો. સૌ પ્રથમ તેણે વાહન ચોરી કરી હતી. ત્યારબાદ ઘરફોડ ચોરીઓ પણ શરૂ કરી હતી. તેની સામે અઆંદ, વિદ્યાનગર અને વડોદરામાં મળીને કુલ ૧૦ ગુનાઓ નોંધાયા છે

# એમ.એસ.યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં પરીક્ષાની ગુપ્તતા પર સવાલો, ઝેરોક્ષ સેન્ટર પર પરીક્ષાના પેપરની ફોટોકોપી કઢાવાય છે

એમ.એસ.યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં પરીક્ષાની ગુપ્તતા પર સવાલો, ઝેરોક્ષ સેન્ટર પર પરીક્ષાના પેપરની ફોટોકોપી કઢાવાય છે ૧ - દ્વફ્ક્ષીએમ.એસ.યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં ચાલી રહેલી ઈન્ટરનલ પરીક્ષા વચ્ચે પરીક્ષાની ગુપ્તતા પર સવાલો ઉઠયા છે. વિદ્યાર્થીઓ જે સેન્ટર પર ફોટોકોપી કઢાવે છે તે જ સેન્ટર પર અધ્યાપકો પરીક્ષાના પેપરોની ફોટોકોપી કઢાવે છે અને તે જ વિદ્યાર્થીઓને આપવામાં આવતી હોવાની જાણકારી સામે આવી છે.સૂત્રોનું કહેવું છે કે, કોમર્સ જેવી મોટી ફેકલ્ટી ઈન્ટરનલ પરીક્ષાના પેપરો પ્રિન્ટ કરવા યુનિવર્સિટીના પોતાના પ્રેસનો ઉપયોગ કરે છે ત્યારે આર્ટસ ફેકલ્ટીએ પણ પેપરો છાપવા માટે યુનિવર્સિટી પ્રેસના વિકલ્પ પર વિચારણા કરવાની જરૂર છે.અત્યારે પરીક્ષા પહેલા જે અધ્યાપકે પેપર સેટ કર્યું હોય તે અધ્યાપક ફોટોકોપી સેન્ટર પર જેટલા વિદ્યાર્થીઓ હોય તેટલી ફોટોકોપી કરવા માટે કહે છે અને અધ્યાપક આ પેપરો લઈને જે તે વિભાગમાં જમા કરાવે છે.આ સમગ્ર પ્રક્રિયાનું મોનિટરિંગ કોણ કહે છે તે કહેવું પણ મુશ્કેલ છે.કેટલાક સિનિયર અધ્યાપકોનું કહેવું છે કે, ફેકલ્ટીએ પોતાનું ફોટોકોપી મશિન વસાવવું જોઈએ.જેથી પેપર લીક થવાની શક્યતા ના રહે.

ફેકલ્ટી ડીન પ્રો.કલ્પના ગવલીનું કહેવું છે કે, આર્ટસ ફેકલ્ટીમાં ૨૧ વિભાગો છે અને દરેક વિભાગના પેપર અને પેપર આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ અલગ અલગ હોય છે.જેના કારણે યુનિવર્સિટી પ્રેસમાં પેપરો પ્રિન્ટ કરાવવાનું મુશ્કેલ બને છે.ફેકલ્ટીમાં ઈન્ટરનલ પરીક્ષાના પેપરની ફોટોકોપી સેન્ટર પર નકલો કઢાવવાની પ્રથા પહેલેથી જ છે અને આજ સુધી કોઈ પેપર લીક થયું નથી.જોકે યુનિવર્સિટીની મદદ મળે તો યુનિવર્સિટી પ્રેસમાં પેપર પ્રિન્ટ કરાવવા પર વિચારણા થઈ શકે છે.યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજિસ્ટ્રાર ડો.ચૂડાસમાએ કહ્યું હતું કે, દરેક ફેકલ્ટી પાસે પેપરો છપાવવા માટે પોતાની વ્યવસ્થા છે. પરીક્ષાની ગુપ્તતા જળવાઈ રહે તે માટે ફેકલ્ટીઓએ પોતાની રીતે પેપર પ્રિન્ટ કરાવવા માટે પણ નક્કી કરેલા પ્રોટોકોલનું પાલન કરવાનું રહેતું હોય છે. સામાન્ય રીતે નાની ફેકલ્ટીઓ પોતાની જાતે પેપર પ્રિન્ટ કરે છે.


# જામનગર નજીક ચેલા ગામ પાસેથી જુગાર રમતાં ૫ શખ્સો રૂ. ૧૯ લાખની માલમત્તા સાથે પકડાયા

જામનગર નજીક ચેલા ગામમાં પોલીસે જુગારનો દરોડો પાડી ૫ શખસોને ઝડપી લીધા છે, અને તેઓના કબજામાંથી રોકડ, કાર, મોબાઈલ સહિત રૂ. ૨૦ લાખ ઉપરાંતનો મુદામાલ કબજે કર્યો છે.



જામનગર તાલુકાના ચેલા ગામ પાસે આવેલ પેટ્રોલ પંપની પાસે જાહેરમાં જુગાર રમતા મહેન્દ્ર મનજીભાઈ પરમાર, ધર્મેશ ડાયાલાલ પરમાર, લાલજી રામજી પરમાર, દિપક કાનજીભાઈ કટેશીયા, રાજેશ જીવાભાઈ કણજારીયા વગેરેને રોકડ રૂ. ૮૦ હજાર તેમજ રૂ.૧.૮૬ લાખની કિંમતનાપ મોબાઈલ, રૂ.૧૭ લાખની કાર મળીને કુલ રૂ.૧૯,૮૧,૦૦૦ના મુદામાલ સાથે પોલીસે ઝડપી લીધા છે.

# એક નાનકડા વિચારથી ઔદ્યોગિક સામ્રાજ્ય સુધીઃ ઉત્તર ગુજરાતમાં યોજાનારી VGRC રજૂ કરશે વિકાસની બ્લૂપ્રિન્ટ, જે નિરમા ગ્રુપના સ્થાપક થકી પ્રેરિત



ગાંધીનગર, ૫ ઓક્ટોબર, ૨૦૨૫: ઉત્તર ગુજરાતના વિજ્ઞાન વિષયમાં સ્નાતક થયેલા શ્રી કરસનભાઈ પટેલે પોતાના ઘરઆંગણેથી વૈશ્વિક વ્યાપારના દિગ્ગજોને પડકારવાનું નક્કી કર્યું. એક પ્રખ્યાત ઉદ્યોગપતિ અને ભારતીય અબજોપતિ ઉદ્યોગસાહસિક તરીકે કરસનભાઈનું જીવન તેમની ઉદ્યોગસાહસિક નિપુણતાની સાખ પૂરે છે. તેમનો જન્મ ૧૯૪૫માં ઉત્તર ગુજરાતના રૂપપુર ગામ ખાતે એક ખેડૂત પરિવારમાં થયો હતો.

શ્રી કરસનભાઈ પટેલે કેમિસ્ટ્રી વિષય સાથે બીએસસીની ડિગ્રી મેળવી અને ત્યારબાદ અમદાવાદની ન્યૂ કોટન મિલ્સમાં લેબ ટેક્નિશિયન તરીકે કામ શરૂ કર્યું. તે પછી ૧૯૬૯માં તેમણે અમદાવાદમાં સ્થિત તેમના ઘરના પાછલા ભાગમાં મૂળભૂત સામગ્રીઓનો ઉપયોગ કરીને ડિટર્જન્ટ પાવડર બનાવવાનું શરૂ કર્યું. પોતાની રોજિંદી નોકરી પર જતા પહેલા, તેઓ આખા અમદાવાદ શહેરમાં પોતાની સાયકલ પર ફરતા અને ઘરે-ઘરે જઇને પોતાના હાથે બનાવેલા ડિટર્જન્ટના પેકેટ્સ વેચતા હતા. તેમણે તેમની સ્વર્ગસ્થ પુત્રી નિરૂપમાને પ્રેમભરી શ્રદ્ધાંજલિ આપતા તેમના ડિટર્જન્ટને ‘નિરમા’ નામ આપ્યું.

સારી ગુણવત્તાવાળો ડિટર્જન્ટ પાવડર અને તેના પોસાય તેવા ભાવો રાખવાનો કરસનભાઈનો અભિગમ તે સમયમાં એકદમ ક્રાંતિકારી હતો, જેના કારણે તેમની આ પ્રોડક્ટનું શરૂઆતના ગાળામાં વર્ડ-ટુ-માઉથ એટલે કે લોકમુખે માર્કેટિંગ થવા લાગ્યું. નિરમા ડિટર્જન્ટ પાવડર ખૂબ ઝડપથી લોકપ્રિય થવા લાગ્યો અને તેને ખૂબ સફળતા મળી. ટુંક સમયમાં કરસનભાઈએ તેમની મિલની નોકરી છોડી દીધી અને સંપૂર્ણપણે તેમના વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ધીમે ધીમે નિરમા ગ્રુપ એક બિઝનેસ સમૂહ તરીકે વિકસિત થયું અને તેના ઉત્પાદનોમાં ડિટર્જન્ટ, સિમેન્ટ, હેલ્થકેર તેમજ કેમિકલ્સનો સમાવેશ કરવામાં આવ્યો. આજે શ્રી કરસનભાઈ પટેલ ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં અગ્રણી કહેવાય છે. ફોર્બ્સના અંદાજ મુજબ, તેમની વ્યક્તિગત સંપત્તિ ઈં૪.૭ બિલિયનથી વધુ છે, જે દર્શાવે છે કે આકરી મહેનત થકી તેમણે પોતાનું સમગ્ર જીવન પોસાય તેવા ભાવે સુલભ અને ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સના ઉત્પાદનને સમર્પિત કર્યું છે.

કરસનભાઈએ પોતાની આ સફળતાને હંમેશાં પોતાના વતન સાથે વહેંચી છે. તેઓ પોતાના ગુજરાતના મૂળિયાને ક્યારેય ભૂલ્યા નથી. તેમણે ગુજરાતના અન્ય વિસ્તારો ઉપરાંત, ઉત્તર ગુજરાતના માંડલી અને છત્રાલમાં નિરમાના મોટા ઔદ્યોગિક કેન્દ્રો બનાવ્યા છે. આ વિશાળ કેન્દ્રોએ હજારો સ્થિર સ્થાનિક રોજગારીઓનું સર્જન કર્યું છે. સ્થિર રોજગારથી મળતી આ સ્થિર આવકે પરંપરાગત કૃષિ આવકથી આગળ વધીને અનેક ગ્રામીણ લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે.

કરસનભાઈ સમાજમાંથી કમાયેલું સમાજને પાછું આપવામાં માનતા હતા. આ જ વિચારધારા સાથે તેમણે નિરમા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનની શરૂઆત કરી, જેમાંથી અમદાવાદની પ્રખ્યાત નિરમા યુનિવર્સિટી અને નિરમા વિદ્યાવિહારની રચના થઈ. આજે, નિરમા યુનિવર્સિટી એક પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા છે, જે ટેક્નોલોજી, મેનેજમેન્ટ, કાયદો, આર્કિટેક્ચર, ડિઝાઈન અને ફાર્મસી જેવા ક્ષેત્રોમાં ડિગ્રીઓ પ્રદાન કરે છે. સ્થાનિક સ્તરે આવી વૈશ્વિક કક્ષાની યુનિવર્સિટી બનાવીને કરસનભાઈએ સુનિશ્ચિત કર્યું કે દેશના યુવાનોને ઘરઆંગણે જ ઉચ્ચ સ્તરનું શિક્ષણ મળી રહે. કરસનભાઈ પટેલની સફળતાની આ ગાથા સાબિત કરે છે કે નાના ગામડાનો એક સરળ વિચાર મોટો વિકાસ સાધી શકે છે અને વિશ્વની સૌથી મોટી કંપનીઓ સાથે સ્પર્ધા કરી શકે છે. ઓછી કિંમતે ગુણવત્તાયુક્ત ઉત્પાદનો અને પ્રાદેશિક વિકાસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાએ ગુજરાતના અર્થતંત્ર અને સંસ્કૃતિ પર નિઃશંકપણે એક સકારાત્મક છાપ છોડી છે.


ઉદ્યોગપતિ અને શિક્ષણક્ષેત્રે સ્વપ્નદ્રષ્ટા એવા કરસનભાઈ પટેલને ઉદ્યોગક્ષેત્રે તેમની પ્રશંસનીય કામગીરી માટે અનેક એવોર્ડ્સ અને માન્યતાઓ મળ્યા છે. તેમને ૧૯૯૦માં ઉદ્યોગ રત્ન એવોર્ડ, ૧૯૯૮માં ગુજરાત બિઝનેસમેન એવોર્ડ, ૨૦૦૬માં અર્ન્સ્ટ એન્ડ યંગ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ, ૨૦૦૯માં સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ, ૨૦૦૯માં બરોડા સન લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ, ૨૦૧૦માં પદ્મશ્રી એવોર્ડ તેમજ કેમટેક એવોર્ડ ઑફ હૉલ ઑફ ફેમ, વગેરેથી નવાજવામાં આવ્યા છે.

૨૦૦૧માં અમેરિકાની ફ્લોરિડા એટલાન્ટિક યુનિવર્સિટીએ તેમને તેમની પરોપકારી પ્રવૃત્તિઓ તેમજ વ્યવસાય અને માર્કેટિંગ કુશળતા માટે ડોક્ટરેટ ઑફ હ્યુમેનિટિઝની પદવી એનાયત કરી. ૨૦૦૭માં ઈન્દોરના દેવી અહિલ્યા વિશ્વવિદ્યાલયે તેમને ડૉક્ટર ઑફ લેટર્સ (ડી. લિટ.) ની પદવી એનાયત કરી.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા ખાતે યોજાનારી આગામી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ઉત્તર ગુજરાત ક્ષેત્રના અસાધારણ પ્રતિભાયુક્ત ઉદ્યોગસાહસિકો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ કાર્યક્રમ ઉભરતા અને સ્થાપિત ઉદ્યોગસાહસિકો બંને માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે. શ્રી કરસનભાઈ પટેલ જેવા ઉદ્યોગસાહસિકોની સાફલ્યગાથાને હાઇલાઇટ કરીને આ કોન્ફરન્સ સ્થાનિક સફળતાથી વૈશ્વિક સ્તરે વ્યવસાયોને વિકસિત કરવા માટે અમૂલ્ય પ્રેરણા અને સફળતાની બ્લૂપ્રિન્ટ પ્રદાન કરે છે.

# અમદાવાદમાં ફ્રી પિત્ઝા માટે પડાપડી, લોકોએ આડેધડ પાર્ક કરેલા વાહનો ટ્રાફિક પોલીસ ટો કરી ગઈ

અમદાવાદમાં અવાર-નવાર દુકાનદારો પોતાની બ્રાન્ડિંગ માટે નતનવી જાહેરાત અને સ્કીમ બહાર પાડતા હોય છે. જેને લઈને ભારે ભીડ જોવા મળતી હોય છે. આવી જ એક ઘટના ફરી એકવાર સામે આવી છે. જ્યાં એક પિત્ઝા આઉટલેટે પ્રહલાદનગરમાં પોતાની નવી બ્રાન્ચ ખોલતા પહેલાં ૧૫૦૦ ફ્રી પિત્ઝા આપવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત બાદ લોકો આ સ્કીમનો લાભ લેવા માટે ઉમટી પડ્યા હતા. જોકે, અહીં એટલી ભીડ થઈ ગઈ હતી કે, લોકોના વાહન પાર્કિંગની પણ વ્યવસ્થા થઈ શકી



નહોતી, જેને લઈને ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી. આ અવ્યવસ્થાની જાણ થતા ટ્રાફિક પોલીસની ટોઈંગ વેન ત્યાં આવી હપોંચી હતી અને આડેધડ પાર્ક કરેલા વાહનોને ટૉ કરવામાં આવ્યા હતા. જેથી કેટલાક લોકોને ટ્રાફિકના ભારે દંડ સાથે ફ્રી પિત્ઝા મોંઘા પડ્યા હોય તેવો ઘાટ સર્જાયો હતો.મળતી માહિતી મુજબ, એક પિત્ઝા આઉટલેટે પ્રહલાદનગરમાં પોતાની દુકાનના ઓપનિંગ વખતે ઓફર જાહેર કરી હતી કે, તેઓ પહેલાં ૧૫૦૦ પિત્ઝા ફ્રીમાં આપશે. ઓફરની જાણ થતા અનેક લોકો સ્કીમનો લાભ લેવા ઉમટ્યા હતા. એક વ્યક્તિને એક બોક્સ આપવાની સ્કીમ હોવાથી અનેક લોકોની દુકાનની બહાર મેળા જેવી ભીડ જામી હતી. આ સિવાય સ્કીમનો લાભ લેવા આવેલા લોકો માટે પાર્કિંગ પણ ખૂટી પડ્યું હતું, જેના કારણે લોકો નો પાર્કિંગમાં વાહન પાર્ક કરીને ફ્રી પિત્ઝા લેવા ઊભા રહી ગયા હતા.

જોકે, નવાઈની વાત એ છે કે, આડેધડ પાર્કિંગ દૂર કરવા અમદાવાદ ટ્રાફિક પોલીસની ટીમ પણ એક્ટિવ થઈ ગઈ હતી. ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે આડેધડ પાર્ક કરેલા વાહનો ટોઈંગ ટીમ ઉપાડી ગઈ હતી. જેના કારણે અનેક લોકોએ ફ્રી પિત્ઝાની સામે નો-પાર્કિંગનો ભારે દંડ ચૂકવવો પડ્યો હતો. આમ, અનેક અમદાવાદીઓને પિત્ઝા તો મફત મળ્યા પરંતુ, પિત્ઝાની લાલચમાં ટ્રાફિક નિયમ તોડવાના કારણે એક પિત્ઝા પર સારો એવો દંડ ભોગવવો પડ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.